Commissionerate of Technical Education, Gujarat State
કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

બીજે માળે, બ્લોક નં. ૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર–૩૮૨ ૦૧૦.
2nd Floor, Block No. 2, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar - 382 010.
☎ : (079) 232 53546
FAX : (079) 232 53539
URL : http://dte.gswan.gov.in
GRAM : EDUTECH(N)
E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in

ક્રમાંક.ડીટીઇ/હિસાબી/ઘ.ભા.ભ./૨૦૧૬./ચ.૭/ 2290

તા. / /૨૦૧૬
19 JAN 2016

પરિપત્ર

આ કચેરીના તાબા હેઠળની સરકારી ઇજનેરી કોલેજો ,પોલીટેકનીકો, ફાર્મેસી કોલેજો ફરજ બજાવતાં શૈક્ષણિક/બિનશૈક્ષણિક અધિકારી/કર્મચારીઓના ઘરભાડા ભથ્થું તેમજ ટીએ મંજુર કરવા બાબતે અધિકારી વર્ગ-૧ અને-૨ તરફથી તા.૨૫/૧૧/૨૦૧૫ ની મળેલ રજુઆત અન્વયે જણાવવાનું કે સદર બાબતે નાણાં વિભાગના પરિપત્ર નંબર .વલભ-૧૨૯-૫૬૫- જ તા.૨૦/૦૭/૧૯૯૦ ને ધ્યાને લઇ નિયમોનુસાર કાર્યવાહી કરવાની થાય છે. આ સાથે નાણાં તા..૨૦/૦૭/૧૯૯૦ ના ઠરાવની નકલ તેમજ આ કચેરીનાતા.૦૧/૦૩/૨૦૦૮. ના પરિપત્રથી ઘરભાડાભથ્થું મંજુર કરવાની સત્તા સંબધિત આચાર્યશ્રીને સુપરત કરવામાં આવેલ છે. તેની નકલ સામેલ છે. તેમજ સરકારશ્રીના નાણાં વિભાગના /માર્ગ અને મકાન વિભાગના વખતો વખતના ઠરાવો મુજબ ઘરભાડા ભથ્થું - ટીએ મંજુર કરવાના થાય છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી અનુસાર

સંયુકત નિયામક
ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા ગાંધીનગર

બિડાણ- ઉપર મુજબ

નકલ રવાના તમામ સરકારી ઇજનેરી કોલેજો ,પોલીટેકનીક ,ફાર્મસીકોલેજો ટેકનીકલ સંસ્થાઓને જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

# Directorate of Technical Education, Gujarat State
## ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય

બીજે માળે, બ્લોક નં. ૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

2nd Floor, Block No. 2,
Dr. Jivraj Mehta Bhavan,
Gandhinagar – 382 010.

☎ : (079) 232 53546
URL : http://dte.gswan.gov.in
FAX : (079) 232 51383
GRAM : EDUTECH(N)
E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in


No. : ડીટીઈ–હિસાબી–ઘ.ભા.ભ.–૨૦૦૮–ચ–૧૦. ૮૩૯૨ Date : - - 200

વંચાણમાં લીધા :–

૧. નાણા વિભાગ, ગાંધીનગરના નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો ૧૯૯૮.
૨. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠ.ક્ર. તજર–૧૦૦૫–૨૪૧–ઝ, તા.૨.૩.૨૦૦૭.
૩. નાણા વિભાગના, સચિવાલયના ઠ.ક્ર. તજર–૧૦૦૫–૨૪૧–ઝ, તા.૨૦.૭.૨૦૦૫.
૪. ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના આદેશ ક્ર. ડીટીઈ–એકપી–એકા–ચ–૧–૪૮૬૩૪, તા.૨૮.૬.૧૯૮૨.

પરિપત્ર

આ કચેરીના તાબા હેઠળની સરકારી ઈજનેરી કોલેજો, પોલિટેકનીકો, ફાર્મસી કોલેજો ખાતે ફરજ બજાવતા શૈક્ષણિક / **બિનશૈક્ષણિક** વર્ગ–૧ તથા વર્ગ–૨ ના અધિકારી / કર્મચારીઓના ઘરભાડા ભથ્થુ (એચ.આર.એ.) મંજૂર **કરવાની** કાર્યવાહી હાલ ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર ધ્વારા કરવામાં આવતી હોઈ પત્ર વ્યવહાર, વીલંબ, પૂર્તતા/ચકાસણી અને અન્ય કારણોસર ઘરભાડા ભથ્થુ મંજૂર કરવાની કાર્યવાહીના વિલંબ થાય છે.

જેથી વહીવટી ગતિશિલતાના ભાગરૂપે ઝડપી નિર્ણય પ્રણાલી ઉભી કરવાના આશયથી ઉપર જણાવેલ સંસ્થાઓના આચાર્યશ્રીને ઘરભાડા ભથ્થુ મંજુર કરવાની સત્તા સુપરત કરવામાં આવે છે.

સરકારશ્રીના **નાણા વિભાગના** / માર્ગ અને મકાન વિભાગના વખતો વખતના ઠરાવો મુજબ ઘરભાડા ભથ્થુ મંજુર કરવાનુ રહેશે. **આ અંગેની સંપૂર્ણ** જવાબદારી સંસ્થાના વડા તરીકે આચાર્યશ્રીની રહેશે.

પરિપત્ર અમલમાં **આવ્યા પહેલાંની** પડતર અરજીઓ / દરખાસ્તો પણ પ્રવર્તમાન નિયમોનુસાર મંજુર કરવાની રહેશે.

ટેકનીકલ શિક્ષણ નિયામક
ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી,
ગુ.રા.ગાંધીનગર–૧૦.

પ્રતિ,

૧. સબંધિત જિલ્લા તિજોરી કચેરી / પેટા તિજોરી કચેરી તરફ સંસ્થાના વડા મારફતે.
૨. સબંધિત સંસ્થાઓના વડા તરફ ઘટતી કાર્યવાહી કરવા સારૂ.
૩. વડી કચેરી, મહેકમ શાખા તરફ જાણ સારૂ.
૪. કચેરી આદેશ ફાઈલ.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ,
પરિપત્ર નં. ઘભભ-૧૨૯૬-૫૬૫-જ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૭ મી જુલાઈ-૧૯૯૬.



વંચાણમાં લીધા :-

૧) ના.વિ.નો સરકારી ઠરાવ નં.પીટીઆર-૭૪૭૫-૪૬-એમ, તારીખ: ૧૫.૧૨.૭૫.

૨) ના.વિ.નો સરકારી ઠરાવ નં.૨૮૭-૭૧૩-જે, તા.૨૦.૧૦.૭૭.

૩) નાણાં વિભાગનો પત્ર નં.ટીએલબી-૧૨૭૯-૧૪૫૭-જે, તા.૧૦.૯.૭૯.

પરિપત્ર :-

પોતાના કે ભાડાના મકાનમાં રહેતા સરકારી કર્મચારીઓને ક્યા ધોરણે ઘરભાડા ભથ્થું આપવું તે નાણાં વિભાગના આમુખમાં દર્શાવેલ ઠરાવો અન્વયે નક્કી કરવામાં આવેલ છે. તેમ છતાં, સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલીક કચેરીઓ દ્વારા નાણાં વિભાગના તા.૨૦.૧૦.'૭૭ ના ઠરાવના ફકરા નં.૧(૩) નું ખોટું અર્થઘટન કરીને પતિ/પત્ની/માતા/પિતા-બાળકો પૈકી બે થી વધુ સરકારી કર્મચારીઓ હોય અને તેઓ પૈકી કોઇ એકને ફાળવેલ સરકારી ક્વાર્ટરમાં સાથે રહેતા હોય તેવા કિસ્સાઓમાં જેમને ક્વાર્ટર ફાળવવામાં આવ્યું નથી તે પૈકી ગમે તે એકને ઘરભાડા ભથ્થું મંજુર કરવામાં આવે છે.

આ બાબતે સ્પષ્ટતા કરવાની કે જ્યારે પતિ-પત્ની બંને સરકારી કર્મચારીઓ હોય અને બંનેમાંથી ગમે તે એકને ફાળવવામાં આવેલ સરકારી ક્વાર્ટરમાં સાથે રહેતા હોય તો તે બંને સરકારી કર્મચારીઓને (પતિ-પત્ની) ને નાણાં વિભાગના તા.૧૫.૧૨.'૭૫ નાં ઠરાવના ફકરા નં.૩(૨) ની જોગવાઇ મુજબ ઘરભાડા ભથ્થું મળવાપાત્ર નથી.

નાણાં વિભાગના તા.૨૦-૧૦-'૭૭ ના ઠરાવના ફકરા નં.૧ (૩) ની જોગવાઇ મુજબ પતિ/પત્ની/માતા પિતા/ બાળકો એ બધા પૈકી બે કે તેથી વધુ સરકારી કર્મચારીઓ હોય અને તેઓ બધા તેમના કુટુંબ સિવાયના અન્ય સરકારી કર્મચારીને ફાળવેલ સરકારી ક્વાટરમાં સાથે રહેતા હોય તો તે બધા પૈકી કોઇ એકને તેમની પસંદગી મુજબ ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર રહેશે. ઉદાહરણ તરીકે:-'બ' અને તેના કુટુંબના સભ્યો, 'અ' ને ફાળવવામાં

આવેલ સરકારી કવાર્ટરમાં તેની સાથે રહે છે. હવે જો 'બ' ના કુટુંબમાં 'બ' ઉપરાંત તેના કુટુંબના બે કે તેથી વધુ સભ્યો સરકારી કર્મચારી છે. તો 'બ' ના કુટુંબના સભ્યો પૈકી ગમે તે એકને તેમની પસંદગી પ્રમાણે ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર છે. 'અ' અને તેના કુટુંબના સભ્યોની બાબતમાં નાણાં વિભાગના તા.૧૫.૧૨.૭૫ ના ઠરાવનાં ફકરા નં.૩(૨) ની જોગવાઈ લાગુ પડશે. તે મુજબ 'અ' અને તેના કુટુંબના સભ્યોને ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર નથી. કેમ કે, 'અ' તેને ફાળવવામાં આવેલ સરકારી કવાર્ટરમાં રહે છે. તેવી જ રીતે 'અ' ના કુટુંબના સભ્યો 'અ' ને ફાળવવામાં આવેલ સરકારી કવાર્ટરમાં તેની સાથે રહે છે.

આ સંબંધમાં, અગાઉ પણ મહાલેખાકારશ્રી, રાજકોટને આ વિભાગના તા.૧૦.૯.'૭૯ ના સંદર્ભ(૩) માં દર્શાવેલ પત્રથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે તે તરફ ધ્યાન દોરવામાં આવે છે. ( નકલ સામેલ છે.)

આથી તમામ વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓને ઉપરની સ્પષ્ટતાઓને ધ્યાનમાં લઈને ઘરભાડા ભથ્થુ ચુકવવા સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી.એમ.મકવાણા,
સરકારના નાયબ સચિવ,
નાણાં વિભાગ.

----

ક્રમાંક:એચઆરએ/૧૦૯૩/ચ-૧૦. ૫૭૮૮
ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૨ / બીજા માળે,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, તારીખ: ૨/૮/૯૩

<u>નકલ રવાના :-</u>

આ ખાતાના તાબા હેઠળની સરકારી-બિન સરકારી સંસ્થાઓના વડાઓને જાણ તથા જરુરી કાર્યવાહી સારું.

<u>નકલ રવાના :-</u>

આ કચેરીના તમામ અધિકારીશ્રીઓ તેમજ શાખાઓની જાણ સારું.

(સહી)
હિસાબી અધિકારી.